# જાહેરનામું

## પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/ ૦૯ /૨૦૧૮,
## તા. ૦૯/૦૯/૨૦૧૮

હું, એ.કે.સિંઘ IPS,પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત જીવરાજ પાર્ક વિસ્તારમાં ચાલનાર બાંધકામ અનુસંધાને તા.૧૦/૦૯/૨૦૧૮ સુધી ટ્રાફીક સુચારુ રીતે ચાલે અને ટ્રાફીકની કોઇ સમસ્યા ઉદભવે નહી જે હેતુસર તે વિસ્તારમાંનો નીચે જણાવ્યા મુજબનો રસ્તો વન-વે તથા ભારે વાહનોની અવર-જવર પ્રતિબંધ મુકવા અંગેનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત જીવરાજ પાર્ક વિસ્તારમાં આવેલ ઉમાસુત સોસાયટી કોમ્પલેક્ષ ચાર રસ્તાથી પાલડી વિસ્તારમાં આવેલ શારદા મંદિર સ્કૂલ વળાંક સુધીના રોડ ઉપર મેટ્રો રેલ પ્રોજેક્ટના કામકાજ અનુસંધાને બાંધકામ શરુ કરવાનું હોય જેથી જીવરાજપાર્ક વિસ્તારમાં આવેલ ઉમાસુત સોસાયટી કોમ્પલેક્ષ ચાર રસ્તાથી પાલડી વિસ્તારમાં આવેલ શારદા મંદિર સ્કૂલ વળાંક સુધીનો સમગ્ર રોડ વન-વે કરવા તથા સદર રોડ ઉપર ભારે વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

૧) પાલડી વિસ્તારમાં આવેલ શારદા મંદિર સ્કૂલ વળાંક થી જીવરાજપાર્ક વિસ્તારમાં આવેલ ઉમાસુત સોસાયટી કોમ્પલેક્ષ ચાર રસ્તા સુધીનો રેલ્વે સમાંતર રોડ વન-વે રહેશે અને ફક્ત શારદા મંદિર સ્કૂલ ટર્નિંગ રોડથી ઉમાસૂત સોસાયટી તરફ જ જઇ શકાશે અને ઉમાસુત સોસાયટી તરફથી શારદા મંદિર સ્કૂલ ટર્નિંગ રોડ તરફ આવી શકાશે નહી તથા તમામ પ્રકારના ભારે વાહનો માટે પ્રવેશવા ઉપર પ્રતિબંધ રહેશે. **(આ રોડ ઉપર ફક્ત ટુ વ્હીલર તથા ફોર વ્હીલ કાર જ પસાર થઇ શકશે.)**

**વૈકલ્પિક રૂટ :**

૨) જીવરાજ મહેતા હોસ્પીટલ વાળા બહારના મુખ્ય રોડ ઉપરથી મોટા વાહનો બુટભવાની મંદીર વેજલપુર તરફ અને શ્રેયંશબ્રિજ તથા ભીમનાથ મહાદેવ મંદીર ત્રણ રસ્તા તરફ અવર-જવર કરી શકશે.

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ,એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી દરમ્યાન લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો અમલ જાહેરનામું પ્રસિદ્ધ થયેથી તા.૧૦/૦૯/૨૦૧૮ સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૯ / ૯ /૨૦૧૮ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા.૯/૯/૨૦૧૮
અમદાવાદ શહેર

City Commissioner of Police
Ahmedabad

**( એ.કે.સિંઘ )**
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા

૨/– ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.

(૩) પોલીસ મહનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.

(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી, ઘી કાંટા, અમદાવાદ શહેર.

(૫) રજીસ્ટ્રારશ્રી નામદાર ગુજરાત હાઇકોર્ટ,સોલા, અમદાવાદ
રજીસ્ટ્રારશ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ , અમદાવાદ શહેર
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર.

(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.

(૭) પબ્લીક પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર

(૮) સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર

(૯) માહિતી નિયામકશ્રી સચિવાલય,ગાંધીનગર
૨/– જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.

**નકલ રવાના :–**

(૧) ખાસ/સંયુકત/અધિક પોલીસ કમિશ્નરશ્રી,સેકટર–૧ અને ૨, ટ્રાફીક તથા મુખ્ય મથક, વિશેષ શાખા,વહીવટ, અમદાવાદ શહેર

(૨) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.

(૩) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ અમદાવાદ શહેર.

(૪) જનસંપર્ક અધિકારીશ્રી કંટ્રોલ રૂમ,અમદાવાદ શહેર
૨/– જાણ સારૂ દૈનિક પત્રોમાં દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારુ.

(૫) તમામ પોલીસ ઇન્સ્પેકટરશ્રીઓ......................................... અમદાવાદ શહેર
૨/– જાણ સારૂ તેમજ પો.સ્ટે. વિસ્તારમાં જાહેરાત માટે અને સખત અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ.

(૬) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફીક બ્રાન્ચ,અમદાવાદ શહેર
૨/– ટ્રાફીક મોબાઇલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારૂ.

(૭) વિભાગીય નિયામકશ્રી, G.S.R.T.C., ગીતામંદીર, આસ્ટોડીયા દરવાજા પાસે, અમદાવાદ શહેર

(૮) જનરલ મેનેજરશ્રી,B.R.T.S.,જનમાર્ગ લિ., મધ્ય ઝોનની કચેરી, અ.મ્યુ.કો., ઉસ્માનપુરા ચાર રસ્તા પાસે, અમદાવાદ શહેર

(૯) ડાયરેકટરશ્રી, A.M.T.S., અમદાવાદ મ્યુનિ.ટ્રાન્સપોર્ટ સર્વિસ, અ.મ્યુ.કો., અમદાવાદ શહેર

(૧૦) શ્રી એસ.એસ.કેડીયા,GM/C/EW (MEGA), બ્લોક નં.૦૧,પહેલો માળ, કર્મયોગી ભવન, નિર્માણ ભવનની પાછળ, સેકટર ૧૦/એ, ગાંધીનગર – ૩૮૨ ૦૧૦